# <u>મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે ટ્રાન્સફર ઑફ ટેકનોલોજી યોજના અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન</u>

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મધ્ય ગુજરાતના મુખ્ય પાક એવા મકાઈનું વધુ ઉત્પાદન માટે અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી **ટ્રાન્ફર ઑફ ટેકનોલોજી યોજના** અંતર્ગત **"મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહ્ત્વ અને તેની ઉપયોગીતા"** વિષય પર **તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬** ના રોજ ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના **૧૦૦** જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ હતો.

આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના ડૉ. કે.એન. પ્રજાપતિ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહ્ત્વ અને તેના ઉપયોગીતાની માહિતી, ડૉ. પી.કે. પરમાર, સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈ પાકની મુલ્યવર્ધિત, સંયોજિત તેમજ સંકર જાતોની માહિતી, ડૉ. પી.ડી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં બીજ ઉત્પાદનની તાંત્રિક્તાઓ અને શ્રી પી.જી રાઠવા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈ પાકમાં આવતા રોગ- જીવાતોનું સંકલિત નિયંત્રણ વિષે વિસ્તૃતમાં માહિતી આપેલ હતી. તાલીમ કાર્યક્રમની અંતમાં ખેડૂતોને ફાર્મની મુલાકાત કરાવી જુદાજુદા શાકભાજી પાકોની કિચન ગાર્ડન કીટ તેમજ એન.પી.કે. બાયોફર્ટીલાઇઝરનું વિતરણ કરવામાં આવેલ હતું.









